નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧ ની જોગવાઇ અનુસાર રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષક વર્ગ-૩ની જગ્યા પર સીધી ભરતીથી નિમાયેલ વિદ્યાસહાયકોના ફિક્સ પગારમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2024/0192/CH

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧.

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૧૫/૩૬૩૭/ચ

(૩) નાણાં વિભાગનો તા.૧૮/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧.

(૪) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.૦૨/૦૧/૨૦૨૪ નો સિંગલ ફાઇલ ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૨૪/૦૧.

**પ્રસ્તાવના:**

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના ઠરાવથી રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને નાણા વિભાગના તા. ૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવથી ફિક્સ પગારના વેતનમાં વધારાનો લાભ આપવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના ઠરાવથી રાજ્યની વિવિધ કચેરીઓમાં ફિક્સ પગારથી નિમાયેલ કર્મચારીઓના ફિક્સ પગારના વેતનમાં વધારો કરવામાં આવેલ છે. તે મુજબ રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ફિક્સ પગારના વેતનમાં વધારાનો લાભ આપવા બાબતે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક:(૪) થી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૧. કાળજીપૂર્વકની વિચારણાના અંતે નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧ થી રાજ્યની વિવિધ કચેરીઓમાં ફિક્સ પગારની પોલીસી અંતર્ગત નિયુકત થયેલ કર્મચારીઓના ફીક્સ પગારના દરમાં વધારો કરવામા આવેલ તે મુજબ રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં નિમાયેલ વિદ્યાસહાયકોના કિસ્સામાં હાલનો માસિક ફીક્સ પગાર રૂ. ૧૯,૯૫૦/- ના સ્થાને સુધાર્યા મુજબનો ફીક્સ પગાર રૂ. ૨૬,૦૦૦/- મુજબ ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. નાણાં વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના ઠરાવની ફક્ત પગાર વધારા સંબંધિત જોગવાઇઓ જ રાજ્યની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને લાગું પડશે.

પ્રસ્તુત ઠરાવનો અમલ પશ્ચાદવર્તી અસરથી એટલે કે તા.૦૧/૧૦/૨૦૨૩થી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ- ફાઇલ પર સરકારશ્રીની તા.૨૫/૧૦/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર.જે. ચૌધરી)**

Signature Not Verified
Signed by:Rameshbhai Chaudhari
Section Officer
Date: 2024.10.29 13:25:23 +05:30

સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.)ના શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૪/૧, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રા.શિ. મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રા.શિ. મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રા.શિ. મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- સિસ્ટમ મેનેજરશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ (પ્રસ્તુત ઠરાવ તાત્કાલિક વિભાગની વેબસાઇટ પર પ્રકાશિત કરવા સારું.)
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Rameshbhai Chaudhari
Section Officer
Date: 2024.10.29 13:25:23 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign